# ખરેખર, એપોલો યાન ચંદ્ર પર ગયું છે ?

— પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. સા. ના
શિષ્ય પૂ. પં. શ્રી અભયસાગરજી ગણિવર્ય મ. સા.

'એપોલો યાન ચંદ્ર તરફ ગયું જ નથી.' તો ચંદ્ર પર જવાનો પ્રશ્ન જ ક્યાં છે ?

છાપામાં સમાચાર આવ્યા : 'એપોલો ૮ ચંદ્ર તરફ ગયું અને ચંદ્રની ૧૦ પ્રદક્ષિણા કરી પાછું આવ્યું.' પરંતુ અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે, ચંદ્ર પૃથ્વીથી ઊંચે કે તીરછો છે ? જો ચંદ્ર પૃથ્વીથી ઊંચે હોય તો એપોલો યાન પૃથ્વીની ભ્રમણ કક્ષામાંથી સીધું ઊંચે જવું જોઈએ. પરંતુ તેમના જ કથન પ્રમાણે એ યાન પૃથ્વીથી ૧૯૦ માઈલ ઊંચે પૃથ્વીની પ્રદક્ષિણા કરી ભ્રમણકક્ષામાંથી નીકળી ચંદ્ર તરફ ત્રાંસું ૨,૩૦,૦૦૦ માઈલ ગયું છે.

હવે, સૂર્યમાળામાં જેટલા ગ્રહો બતાવવામાં આવે છે, તેમાં અન્ય ગ્રહો અને પૃથ્વી સૂર્યથી ત્રીજા નંબરનો ગ્રહ છે. ચંદ્ર પૃથ્વીનો ગ્રહ બતાવવામાં આવે છે, અને તે પૃથ્વીની આસપાસ ફરે છે. આથી આપણે એવું માનવા પ્રેરાઈએ છીએ કે, એપોલો યાન પૃથ્વીથી ત્રાંસું ગયું છે.

વૈજ્ઞાનિકોનું કહેવું છે કે, 'એપોલો સેટર્ન ૫ રોકેટના ધક્કાથી ઉપર ૧૯૦ માઈલ જઈને પૃથ્વીની બે પ્રદક્ષિણા ફરી, ત્યાર બાદ સ્પેઈસ રીચર્સ સેન્ટર (કેપ કેનેડી) માં બેઠેલા કન્ટ્રોલરો બટન દબાવીને એપોલોનું મુખ ચંદ્ર તરફ ત્રાંસું કર્યું અને પૂર્વ દિશામાં ૨,૩૦,૦૦ માઈલ દૂર ગયું.

હકીકતમાં એ છે કે, પૃથ્વીથી તો ફક્ત ઊંચાઈ ૧૯૦ માઈલની છે. પૃથ્વીથી ૨,૩૦,૦૦૦ માઈલ દૂર યાન ગયું, પરંતુ ઊંચાઈ ૧૯૦ માઈલથી વધુ નથી, છતાં એપોલો ૧૧ ને ચંદ્ર પર અવતરણ કરતી વખતે નીચે ઊતરવું પડ્યું.

વાસ્તવમાં ચંદ્ર આકાશીય પદાર્થ છે અને અમારી પૃથ્વીથી ૩૧ લાખ ૩૮ હજાર માઈલ ઊંચે છે. તો એ સ્પષ્ટ છે કે, ચંદ્ર પર પહોંચવા માટે ૧૯૦ માઈલ પરથી વધુ ઉર્ધ્વ-ગમન કરવું જોઈએ.

આથી એ સાબીત થાય છે કે, એપોલો પૃથ્વીથી ત્રાંસું ગયું છે, પણ ઉપર ગયું નથી.

'રોકેટ છૂટયા પછી એપોલો યાન કલાકના ૩૯,૩૬૦ કિલોમીટરની ઝડપે ચંદ્ર તરફ ધસ્યું'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અને આ પ્રમાણે ૬૩ કલાકમાં તે ચંદ્ર પર પહોંચશે' એમ જણાવવામાં આવે છે. તો ૩૯,૩૬૦ x ૬૩ = ૨૪,૭૯,૬૮૦ કિલોમીટર દૂર એપોલો યાન પહોંચે અને ચંદ્ર તો અહીંથી લગભગ ૩૬,૦૦૦ કિલોમીટર જ દૂર છે. તો એપોલો યાન ચંદ્ર પર શી રીતે પહોંચ્યું ?

એપોલો યાનને ચંદ્ર તરફ જતાં ૬૩ કલાક થયા અને તેની કલાકની ૩૯,૩૬૦ કિ.મી. ઝડપ હતી. અને ચંદ્રથી પૃથ્વી પર આવતાં ૫૪ કલાક થયા અને ઝડપ કલાકે ૩૮,૬૦૦ કિ.મી.ની હતી. આમ કેમ ? જતાં આવતાં એક સરખું હોવા છતાં સમયમાં ફેરફાર કેમ ?

કદાચ કારણવશાત્ સમય ઓછો થાય, તો પણ ઝડપ વધવાને બદલે ઘટી કેમ ?

એપોલો ૮ તા. ૨૩-૧૨-૬૮ ના પાા વાગ્યે પૃથ્વીથી ૧૦,૦૦૦ માઈલ દૂર પહોંચ્યું. ત્યાંથી ૧,૨૩,૩૩૭ માઈલ ચંદ્ર દૂર હતો. કલાકના ૩૪,૬૦૦ માઈલની ઝડપે એપોલો ૮ ગયું છે. તો ૩૪,૬૦૦ x ૨૪ = ૫,૯૦,૪૦૦ માઈલ દૂર પૃથ્વીથી એપોલો ૮ પહોંચવું જોઈએ. તેના બદલે ૧,૦૦,૦૦૦ માઈલ એપોલો ૮ શી રીતે પહોંચ્યું ?

ભરતક્ષેત્રનું પૂર્વ-પશ્ચિમ માપ ૫,૨૦,૬૬,૫૪૭ માઈલ છે અને ઉત્તર-દક્ષિણ માપ ૧૮,૬૪,૭૩૬ માઈલ છે. એમાં પણ આપણે જે મધ્ય ખંડમાં રહીએ છીએ, તે પૂર્વ-પશ્ચિમ ૧૦,૮૦,૦૦૦ માઈલ અને ઉત્તર-દક્ષિણ ૮,૫૭,૩૬૮ માઈલ છે. મધ્ય ખંડમાં મધ્ય કેન્દ્રથી નૈઋત્ય ખૂણામાં ૩,૭૦,૦૦૦ માઈલ દૂર ૮,૦૦૦ માઈલ વ્યાસવાળા પ્રદેશ પર આપણે રહીએ છીએ.

અમેરિકન રીડર્સ ડાઈજેસ્ટ કંપની તરફથી પ્રકાશિત 'ધ ગ્રેટ વર્લ્ડ એટલાસ' (The Great world Atlas) નામના મહાકાય ગ્રંથના ૧૦૮ મા પાના પર પૃથ્વી પર વાયુમંડળના જે જુદા જુદા પટ બતાવવામાં આવે છે, ત્યાં સુધી પહોંચેલા રેડિયો તરંગ પર પાછા આવી શકે છે, પરંતુ એની ઉપર એકઝોસ્ફીયર હોય છે. આ સ્ફીયરમાં કોસ્મીક કિરણ પ્રસરેલાં હોવાથી તેમાં પ્રવેશેલા રેડિયો તરંગો (Waves) પાછા આવી શકતા નથી.

હવે ધારો કે, ખરેખર એપોલો પૃથ્વીથી ઉપર ગયું હોય તો લગભગ ૨ાા લાખ માઈલ દૂર રહેલા એપોલોના અવકાશયાત્રીઓ સાથે નાસાના વૈજ્ઞાનિકોએ કેવી રીતે સંપર્ક જાળવી રાખ્યો હશે ? એપોલોની અવકાશયાત્રા ટેલીવિઝન સેટ દ્વારા ચિત્રો વડે કેવી રીતે થઈ શકે ?

નાસાના વૈજ્ઞાનિકોએ વાતચીત કરી છે. ટેલીવિઝન સેટ પર પ્રોગ્રામ આપ્યો છે. આથી સાબીત થાય છે કે, એપોલો પૃથ્વીથી ૧૯૦ માઈલ પર આયનોસ્ફીયરની મર્યાદા સુધી જ ગયું છે, અને ત્યાર પછી પૂર્વ દિશામાં ત્રાંસું ૨ાા લાખ માઈલ ગયું છે. જો તે સીધું ઊંચે ૨ાા લાખ માઈલ ગયું હોય, તો ૨૦૦ માઈલના આયનોસ્ફીયર પછી એકઝોસ્ફીયર આવે. તેમાં ગયેલા એપોલો સાથે કોસ્મીક કિરણોના અવરોધના કારણે વૈજ્ઞાનિક સંપર્ક સંભવી શકતો નથી.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈજ્ઞાનિકોના કહેવા મુજબ અવકાશયાત્રીઓ રાા લાખ માઈલ ઊંચે ગયા હતા. ત્યાં વાતાવરણ નથી, તો રોકટનો ધડાકો ત્યાં કેવી રીતે થયો ? ચંદ્રના ગુરુત્વાકર્ષણમાં પ્રવેશી ભ્રમણકક્ષામાં સ્થિર થવા માટે ભ્રમણકક્ષામાંથી નીકળી ચંદ્રના ગુરુત્વાકર્ષણમાંથી છૂટવા માટે એપોલોના અવકાશયાત્રીઓએ રોકેટનો ધડાકો કર્યો હતો, એવી હકીકત છે. તો શૂન્યાવકાશમાં બળતણ સળગ્યું કેવી રીતે ?

કદાચ એમ કહેવામાં આવે કે, જેવી રીતે શ્વાસ લેવા માટે તેઓ ઓકસીજનની ટાંકી લઈ ગયા હતા, તેવી રીતે ઓકસીજનની ટાંકીના ગેસ દ્વારા ધડાકો કર્યો હશે. પરંતુ બળતણનો અવશેષ અથવા ધૂમાડો બહાર નીકળ્યો શી રીતે ? વાતાવરણ વિના બળેલું બળતણ અથવા ધૂમાડો બહાર નીકળી જ શકતો નથી.

આથી એ બાબતની ખાતરી થાય છે કે, ૧૯૦ માઈલથી ઊંચે તેઓ ગયા ન હતા; અને ગયા છે, તો રાા લાખ માઈલ પૃથ્વીથી ત્રાંસા ગયા છે.

એપોલો ત્રાંસું ગયું હતું, એ વાત કેપ કેનેડીથી પ્રકાશિત એપોલો ગમનની દિશા બતાવનાર ચિત્રથી આ બાબત સ્પષ્ટ થાય છે.

બીજી વાત એ છે કે, વિજ્ઞાનની માન્યતા પ્રમાણે સૂર્યમાળામાં કેન્દ્રસ્થાને સૂર્ય છે, ચંદ્ર પૃથ્વીનો ઉપગ્રહ છે. આથી એનાથી એક જ કક્ષામાં પૃથ્વીની આગળ ચંદ્ર છે, કે જે પાંચ અંશનો ખૂણો બનાવે છે. પરંતુ પૃથ્વી કેન્દ્રવાદીઓની માન્યતા મુજબ 'પૃથ્વીથી ઉપર ચંદ્ર છે' એ વાત આજના વિજ્ઞાનવાદીઓ માનતા નથી. આથી એપોલો અવકાશયાનને તેઓ ઉપર શા માટે મોકલે ? વિજ્ઞાનની દૃષ્ટિ સાથે સુમેળ ખાય એવો ખ્યાલ એ જ છે કે, એપોલો ત્રાંસું ગયું છે.

આથી તે ચંદ્ર પર ન પહોંચતાં ભરતક્ષેત્રના ૫ કરોડ માઈલ વ્યાસવાળા ક્ષેત્રમાં રાા લાખ માઈલ દૂર કોઈ પર્વત પર એપોલો યાન ઊતર્યું હતું.

પૃથ્વીનો વ્યાસ લગભગ ૭,૯૨૬ માઈલનો અને ચંદ્રનો વ્યાસ ૨,૧૬૦ માઈલનો છે. એટલે કે વચ્ચે ચાર ગણું અંતર છે, કેપ કેનેડીથી ખાસ પ્રકાશિત થયેલ સ્પેઈસ પિકચર્સ સિરીઝમાં અને સમાચાર પત્રમાં છપાયેલા અનેક ફોટાઓ પૈકી એક પણ ફોટામાં પૃથ્વીનો વ્યાસ મોટો જણાતો નથી.

બધા ફોટામાં આપણે અહીંથી ચંદ્ર જોઈએ છીએ, તેવું જ દૃશ્ય દેખાય છે.

જો એપોલો યાન ચંદ્ર પર પહોંચ્યું હોત, તો ત્યાંથી પૃથ્વી અહીંથી આપણે ચંદ્રને જોઈએ છીએ, તેવડી જ કેમ દેખાય છે ? ચંદ્ર કરતાં ચાર ગણી મોટી પૃથ્વીનું દૃશ્ય ચિત્રમાં કેમ નથી ?

આથી વૈજ્ઞાનિકોએ "ચંદ્ર પરથી પૃથ્વીનો ઉદય" શીર્ષક હેઠળ આ દૃશ્ય ઘટાવ્યું છે,



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

પણ હકીકતમાં, વૈજ્ઞાનિકોએ ૨ા લાખ માઈલ દૂર જ્યાં ગયા, ત્યાંથી ચંદ્ર દેખાયો, એનું આ દૃશ્ય હોવાનો સંભવ છે.

વૈજ્ઞાનિકોના કહેવા મુજબ ખરેખર જો એપોલો ચંદ્ર પર ગયું હોય તો આપણે અહીં પૃથ્વી પરથી ચંદ્રને પૂર્ણિમાને રોજ ૯ ઈંચ વ્યાસનો રકાબી જેવો જોઈએ છીએ, તે પ્રમાણે ચંદ્ર પર પહોંચ્યા પછી પૃથ્વી ૩૬ ઇંચ અથવા ૩ ફૂટ વ્યાસવાળી રકાબી જેવી દેખાવી જોઈએ. કારણ કે, પૃથ્વી ચંદ્રના વ્યાસ કરતાં લગભગ ચાર ગણી વધુ છે. પરંતુ કેપ કેનેડીથી પ્રકાશિત આકાશીય સ્પેઈસ પિકચર્સમાં આવું કશું દેખાતું નથી. આથી સ્પષ્ટ થાય છે કે એપોલો ચંદ્ર પર પહોંચ્યું જ નથી.

અમેરિકા-રશિયા બંને એકબીજાના અવકાશી ક્ષેત્રે હરીફ છે. અવકાશ ક્ષેત્રે રશિયા બે કદમ આગળ હતું અને છે. અમેરિકાનું એપોલો ૧૧ અવકાશ સંશોધન ક્ષેત્રે છે, જ્યારે રશિયાનું લ્યુના ૧૫ હતું. આ લ્યુના ૧૫ પણ એપોલો ૧૧ સાથે જ ચંદ્ર પર ગયાનું કહેવાય છે. લ્યુના ૧૫ ના કોઇ મહત્ત્વના અહેવાલ રશિયાએ બહાર પાડયા નથી.

એપાલો ૧૧ની દિગંતવ્યાપી વિરાટ સિદ્ધિ મેળવ્યાની ઘોષણા વખતે રશિયાએ ભેદી મૌન સેવ્યું. આ એક ભેદી સૂચન છે.

એપોલો યાને જ્યાં ઉતરાણ કર્યું, ત્યાં રેતી, પત્થર, માટી, કાંકરા, ભેજ ઇત્યાદિ હોવાથી તે કોઈ પર્વતીય પ્રદેશ છે, એમ સ્પષ્ટ થાય છે.

ચંદ્રનું વિમાન તો દિવ્ય રત્નોનું બનેલું છે.

ચંદ્રની ઉત્પત્તિ, ચંદ્ર-પૃથ્વીનું અંતર અને ચંદ્ર પર વાતાવરણ અથવા જીવ સૃષ્ટિ સંબંધી ધારણાઓ વગેરે બાબતો વિજ્ઞાને હજી ચોક્કસ કરી નથી. તે દરમિયાન અમુક ધારણા તરીકે સ્વીકારેલી માન્યતાઓના આધારે કરાયેલ એપોલો યાત્રા હકીકતમાં સત્યની નજીક કેટલી હોઈ શકે ? એ પણ તટસ્થતાથી ગંભીરતાપૂર્વક વિચારણીય છે.

તા. ૨૫-૧૨-૬૮ ના નિવેદનમાં આ પ્રમાણે જણાવવામાં આવ્યું છે : "પૃથ્વીથી ૬,૪૦૦ કિ. મી. સુધી પૃથ્વી પરના સ્ટેશનો સાથે અંકુશ કે સંપર્ક સ્થાપિત રહી શકશે. પછી યાનનું ભાવિ અવકાશયાત્રીઓની બુદ્ધિ અને કુદરત પર નિર્ભર છે.'

પણ અવકાશયાત્રીઓને ઊંઘની ગોળી લેવાનું સૂચન, ચંદ્રની સપાટીની વિગતોના પ્રશ્નોત્તરો, નાતાલનો સંદેશો, મુખ્ય રોકેટને સળગાવવાની પ્રેરણા, પૃથ્વીની પરિક્રમા પછી ચંદ્ર તરફ રોકેટનું મુખ ફેરવવું, ચંદ્રની ૧૦ પ્રદક્ષિણા પછી પૃથ્વી તરફ એપોલો ૮ નું મુખ ફેરવવું વગેરે હકીકતો જગજાહેર રીતે બહાર આવેલી છે.

તો, ૬,૪૦૦ કિ. મી. પછી એપોલો ૮ સાથે વૈજ્ઞાનિકોનો સંપર્ક હતો કે કેમ એ સવાલ સહેજે ઉદ્ભવે છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વૈજ્ઞાનિકોના કથન પ્રમાણે ખરેખર એપોલો યાન ચંદ્ર પર પહોંચ્યું હોય, તો તા. ૨૮-૧૨-૭૮ ના નિવેદનમાં અવકાશયાત્રીઓએ એમ કેમ જણાવ્યું હશે કે, ચંદ્રની સપાટી પરથી પસાર થતાં શકય જ્વાળામુખી જેવો કંઈક નિર્દેશ મળતો હતો ?

અવકાશયાત્રીઓ ખરેખર ચંદ્રથી ૬૯ માઈલ જ દૂર રહી પ્રદક્ષિણા કરતા હોય, તો જ્વાળામુખીની સ્પષ્ટ રૂપરેખા કેમ ન જણાવી શકે ? કેમ કે અવકાશયાત્રીઓ એવું પણ બોલ્યા છે કે, 'નાની વિગતો નિહાળી શકાય છે, અને જમીન સરળતાથી નિહાળી શકાય છે.' ૨૪-૧૨-૬૮ ના નિવેદનમાં ખડકો, પર્વતો, શિખરો, વગેરેની જાણે બહુ નજીકથી જોઈને આપી હોય તેવી ઝીણામાં ઝીણી બાબતો દર્શાવી છે.

હકીકતમાં ચંદ્રની સપાટીની લગોલગ તેઓ પહોંચ્યા હોય તો જ્વાળામુખીની અડસટાની કલ્પના નથી રહેતી. છતાં આમ કેમ બન્યું હશે એ એક સવાલ છે.

વળી એપોલોના અવકાશયાત્રીઓએ એપોલો યાનની બારીઓ પર બરફ અને ધુમ્મસ જામી ગયાની અને તેને કારણે સ્પષ્ટ ન જોઈ શકવાની ફરિયાદો નાસાના વૈજ્ઞાનિકો સમક્ષ કરી છે.

તો વિચારણીય બાબત એ છે કે, હકીકતમાં જો અવકાશયાત્રીઓ રાા લાખ માઈલ ઊંચે ગયા હોય, તો શૂન્ય વાતાવરણમાં બરફ-ધુમ્મસ કયાંથી હોઈ શકે ?

અને કદાચ બરફ હોય, તો તે સૂર્યના પ્રચંડ તાપથી સુકાઇ જાય, પણ બરફ-ધુમ્મસના આવરણથી એપોલો યાનની બારીઓથી દેખાતું નથી, એ વાત અવકાશયાત્રીઓએ કબૂલી છે.

આ હકીકત જણાવે છે કે, એપોલો ઊંચે માત્ર ૧૯૦ માઈલ ગયું છે અને ત્યાંથી રાા લાખ માઈલ ત્રાંસું ગયું છે.

કેલિફોર્નિયા યુનિવર્સિટીના ડૉ. હેરલ્ડ ઉરે ૨૮-૧૨-૬૮ ના અમેરિકન એસોસિએશનની વાર્ષિક બેઠકમાં બોલ્યા છે : 'ચંદ્ર ઠંડો છે, અને પૃથ્વીથી અલગ રીતે તેનો ઉદ્ભવ થયેલો છે. તે પૃથ્વીથી આકર્ષાયો હતો અને સૂર્ય જેમાંથી બન્યો છે, તે પ્રકારની અવકાશી રજમાંથી તે બન્યો છે.'

આ ઉપરથી ચાલુ વિજ્ઞાનની ધારણા પ્રમાણે ચંદ્ર પૃથ્વીથી (હાલ જ્યાં પેસિફિક મહાસાગર છે.) છૂટો પડયો અને પૃથ્વીના ગુરુત્વાકર્ષણ આદિની અસરથી પૃથ્વીની આજુબાજુ ફરવા માંડયો. આ વાત ઉપર ડૉ. ઉરેનું નિવેદન કાંઈક નવો જ પ્રકાશ પાથરે છે.

એપોલો ૧૧ ની પહેલાંના એપોલો ૮, ૯ અને ૧૦ મોકલવામાં આવ્યા હતા. પરંતુ, દરેક વખતે અવકાશયાત્રીઓએ કથન કર્યું છે. કોઇએ કહ્યું : 'ચંદ્રની ધરતી સપાટ છે.' બીજાએ કહ્યું : 'ચંદ્ર પર ઘણા મોટા ખાડા છે.' કોઇએ કહ્યું : 'ત્યાં શાંત જ્વાળામુખી



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

છે.' કોઈએ વળી એમ કહ્યું : 'ત્યાં રેતાળ સાગર છે.' આમ અવકાશયાત્રીઓને જે જુદી જુદી હકીકત મળી, તે બતાવે છે કે, આ માહિતી પૃથ્વીના કોઈ અજ્ઞાત પ્રદેશની છે, ચંદ્રની નહિ.

ચીન જેવો શક્તિશાળી દેશ કે જ્યાં પૃથ્વીની વધારેમાં વધારે જનસંખ્યા છે, તે પણ એપોલો ચંદ્ર પર ગયું એ વાતનું સમર્થન કરતો નથી. એટલે કે દુનિયાની અર્ધી જન-સંખ્યા આ વાતનું સમર્થન કરતી નથી.

એપોલો યાન – ૧૨ જ્યારે પાછું આવ્યું, ત્યારે અવકાશયાનની અંદર ધૂળ, કાંકરી એટલા બધાં ઉડવાં લાગ્યાં કે, અવકાશયાત્રીઓનો શ્વાસ રૂંધાવા લાગ્યો. ત્યારે તેમને ગોળી ખાવાનો આદેશ આપવામાં આવ્યો. શૂન્યાવકાશમાં જ્યારે હવા હોતી નથી, ત્યારે અવકાશ-યાનની અંદર ધૂળ વગેરે કેવી રીતે ઊડવા લાગી ? આથી સ્પષ્ટ થાય છે કે, અવકાશ-યાત્રીઓ પૃથ્વીના કોઈ અજ્ઞાત સ્થળ પર પહોંચ્યા હતા.

ચંદ્રલોક પર ખૂબ ઠંડી હોય છે, એમ વૈજ્ઞાનિકોએ આપણને બતાવ્યું અને કહ્યું કે, ત્યાં માણસને ટકવું મુશ્કેલ છે. તો પછી એનો અર્થ એ થાય છે કે ત્યાં વાતાવરણ છે અથવા એ ચંદ્ર નથી.

તા. ૨૪-૧૨-૬૮ ના નિવેદનમાં અવકાશયાત્રીઓએ જણાવ્યું : ૨,૧૪,૦૦૦ કિ. મી. દૂરથી પૃથ્વીને વિગતવાર જોઈ શકવા માટેનો ટેલીફોટો લેન્સ નિષ્ફળ ગયો હતો.'

અવકાશયાનની બે બારીઓ સિવાયની બારીઓ ધુમ્મસ અને ઝાકળથી ઢંકાએલી હોય, તો તેઓ પૃથ્વીને સ્પષ્ટ શી રીતે જોઈ શકે ? વળી ટેલીફોટો લેન્સ નિષ્ફળ ગયેલો તો આફ્રિકા, અમેરિકા, તેનો ચીલી પ્રદેશ નિહાળ્યાનું અવકાશયાત્રીઓએ જણાવ્યું છે, તે શી રીતે જોયું હશે ?

એપોલો ૧૧ ના યાત્રીઓને પૃથ્વી પર આવ્યા પછી ૧૫ દિવસ સુધી અલગ રાખવામાં આવ્યા, કે જેથી તેમના જીવાણુ બીજા લોકોને લાગુ પડે નહીં. એપોલો ૧૨ પછી તેમણે સ્પષ્ટપણે જાહેર કર્યું કે, 'તેમને કોઈ જીવાણુ લાગ્યા ન હતા, આથી ભવિષ્યમાં અવકાશ યાત્રીઓને અલગ રાખવામાં નહીં આવે.' આ સ્પષ્ટપણે બતાવે છે કે, તેઓ ચંદ્ર પર પહોંચ્યા ન હતા. કારણ કે ચંદ્ર પર જ્યારે વાતાવરણ જ નથી, તો જીવાણુની ભયજનક કલ્પના આવી શી રીતે ?

વળી, અવકાશયાત્રીઓનાં આ કથનો ગંભીરતાથી સમજવા જેવાં છે : 'ચંદ્રનો પ્રદેશ ખડકોવાળો, રંગ વગરનો, ઝાંખો અને જ્વાળામુખીના મેદાનોવાળો.......'

અવકાશયાત્રી બોરમેને પ્રેક્ષકોને કહ્યું હતું : 'ચંદ્ર અમારા ત્રણે માટે જુદી વસ્તુ છે, મારા મત પ્રમાણે તે વિશાળ ખાલી જગ્યા જેવો છે. ત્યાં રહેવા કે કામ કરવા માટે મન થાય તેવું નથી.'

અવકાશયાત્રી લોવેલે કહ્યું : 'વિશાળ અવકાશમાં તે રણદ્વીપ જેવો લાગે છે.'



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

અવકાશયાત્રી એન્ડર્સે કહ્યું : 'ચંદ્ર પરના સૂર્યોદય અને સૂર્યાસ્તોથી હું ખૂબ પ્રભાવિત થઈ ગયો છું. આ ગ્રહ ઉપર સંખ્યાબંધ ચીજોના પ્રહારો થયા હોય તેમ લાગે છે. નાની વિગતો નિહાળી શકાય છે. ચંદ્રની અંધારી બાજુએ રેતીના ઢગલા છે.' (તા. ૨૬-૧૨-૬૮)

તા. ૨૪-૧૨-૬૮ ના દિને ભારતીય સ્ટાન્ડર્ડ સમય સાંજે ૬-૨૨ મિનિટે ચંદ્રની બીજી પ્રદક્ષિણા વખતે ટેલીવિઝન સેટ ઉપર અવકાશયાત્રીઓએ ૧૩ મિનિટનો કાર્યક્રમ આપેલો અને તેમાં તેઓએ જણાવેલ વિગતોમાંની કેટલીક આ વિગતો વિચારણીય છે. :

– પ્રસારિત કરેલ ચંદ્રની તસ્વીરમાં વિશાળ ખડકો જોયા.
– અવકાશયાત્રી લોવેલે કહ્યું : 'સી ઓફ ફર્ટીલીટી' પૃથ્વી પરથી જેવો લાગે છે, તેવો નથી.
– ચંદ્ર રાખોડી રંગનો છે. તેને કોઈ ખાસ રંગ નથી.

(જો કે, તા. ૨૬-૧૨-૬૮ ના નિવેદનમાં યાત્રીઓએ ચંદ્રને શ્વેત અને શ્યામ સાગર જેવો વર્ણવ્યો હતો. એટલે ચંદ્રના રંગ સંબંધી નિવેદનમાં સાચું શું ?)

– જમીન સરળતાથી નિહાળી શકાય છે.
– વિશાળ ખડકોવાળાં મેદાનો, ખરબચડાં મેદાનો અને પર્વતો ઉપર ઘણા ખડકો દેખાય છે.
– વિશાળ ખડકોવાળી દિવાલો છ થી સાત મજલા જેટલી ઊંચી છે.
– જ્વાળામુખીનાં મુખો બંધ થયેલાં છે. આમાંના ઘણાં ગોળાકાર છે.

(જો કે, તા. ૨૬-૧૨-૬૮ ના અવકાશયાત્રી એન્ડર્સના શબ્દોમાં ચંદ્રની ખૂબ નજીક છતાં જ્વાળામુખી છે કે કેમ, તે ચોક્કસ થયું નથી.)

તા. ૨૬-૧૨-૬૮ ના નિવેદનમાં જણાવ્યું છે કે, ભૂમિ પરની અંકુશ કચેરીએ તેમને અન્ય કોઇ સૂર્યોદય, તેનો અહેવાલ તથા તારાઓ ઉપર નજર રાખી સૂર્યોનાં કિરણોથી તેમાં ઝળકાટ આવે છે કે કેમ ? વગેરે વિગતો જણાવવા કહેલું, ત્યારે અવકાશયાત્રીઓએ કહેલું : 'અમે હાલ આ બધી વિગતો સાચવી રાખી પૃથ્વી પર પાછા ફર્યા બાદ તેના પર અભ્યાસયુક્ત એક નોંધ રજૂ કરીશું.'

સત્ય જે હોય તેને રજૂ કરતાં અવકાશયાત્રીઓ શા માટે અચકાયા હશે ? જોયેલી વિગતો ઉપર અભ્યાસયુક્ત નોંધ તૈયાર કરવાનો આગ્રહ હકીકતમાં તેઓએ કંઈક નવું જોયું, જાણ્યું હશે એમ સૂચવે છે.

કોઈ પણ જાતના પૂર્વગ્રહ વિના સત્યના સંશોધક તરીકેની જવાબદારી ધ્યાનમાં રાખી, બનતા પ્રયત્ને સંપૂર્ણ ચોકસાઈ કરીને વિગતો મેળવીને તેના આધારે વિચારણીય બાબતો રજૂ કરવી જોઇએ.

આજે બુદ્ધિશાળી કહેવાતા યુગમાં પણ પ્રચાર સત્યની બાબત વસ્તુ-સત્યની કોટીમાં ખપવા માંડી છે. તેથી સમજુ, વિવેકી વિચારકોએ તટસ્થતાના સરાણ પર ચકાસીને તેને પારખવાની જરૂર છે કે, પ્રચાર-સત્ય તરીકે કઈ ચીજ છે અને વસ્તુ સત્ય તરીકે કઈ ચીજ છે ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org